પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

## **સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬**

### **૪૧૭.અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક:**

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૪ માં મળી હતી. સમિતિની આ બેઠકમાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકના ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા અંલગ સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે અનુ.જાતિના લોકોને પ્લોટની ફાળવણી બાબતમાં ૧૪મી ગુ.વિ.સના પ્રથમ અહેવાલ પરના પગલાંના પત્રકોની અધૂરી રહેલ તપાસ હાથ ધરવામાં આવી

સમિતિની ઉકત બેઠકમાં અંલગ સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે પ્લોટની ફાળવણીમાં અનુ. જાતિ વર્ગના લોકોને અનામત, આગામી ઓક્શનની પ્રકીયાનું આયોજન, અંલગ શીપ યાર્ડ ખાતે શ્રમિકો માટે સુવિધાઓ વિકસાવવી, વગેરે બાબતોની વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચન અને ભલામણ કરી.

સમિતિની બેઠક બપોરના ૧–૩૩ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**